**ફોજદારી કેસ નંબર ૩૨૫૭/૨૦૧૭**
**ભકિતનગર પોલીસ સ્ટેશન પ્રોહી ગુના રજીસ્ટર નં.૨૧૧/૨૦૧૬**

**ફરિયાદી :–શ્રી સરકાર**

**વિરુઘ્ઘ**

**આરોપી :– ચંદુભાઈ નાનજીભાઈ**

**//આંક ૧ લગત હુકમ//**

રેકર્ડ વંચાણે લેતાં આરોપી વિરુઘ્ઘ પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી ૬૫એઈ મુજબ શિક્ષાને પાત્ર ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. સદરહું કામના આરોપીને અવાર નવાર પ્રોસેસ કરતાં મળી આવેલ ન હોય ડોરમેન્ટ ફાઈલે મુકવાનો હુકમ કરવામાં આવેલ.બાદ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈ આવેલ છે.

વિદ્દ્વાન એપીપીશ્રીની અરજી વંચાણે લેતાં જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી **રાજકોટના** તારીખ–ર/૦૯/૨૦૨૩ ના પત્ર નંબર જે–એકસ–ડોરમેન્ટ કેસ–ફા–નં.૨૨/૨૩ થી સદરહું કેસ પરત ખેંચવાની કાર્યવાહી કરવા હુકમ થયેલ હોય, સદરહું જીલ્લા મેજીસ્ટ્રેટના પત્ર અનુસાર હાલનો કેસ પરત ખેંચવાની પરવાનગી માંગી વીથ ડ્રો પુરસીસ રજુ કરેલ છે. સદરહું કેસ આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતા ન હોય ડોરમેન્ટ ફાઈલ ઉપર પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપીઓ મળી આવે તેવી કોઈ શકયતા જણાતી નથી અને તેના કારણે આ કેસ પેન્ડીંગ રહેલ છે. આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય શકિત અને નાંણાનો વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસોમાં પુરતું ઘ્યાન આપી ગંભીર પ્રકારના કેસો કાળજી પુર્વક ચલાવી શકે તે માટે જાહેર હીતમાં અને ન્યાયના હિતમાં સદર કેસમાં સદર કેસ પરત ખેંચવા પરવાનગી આપવી ન્યાયોચિત જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**ફોજદારી કેસ નંબર ૩૨૫૭/૨૦૧૭**
**ભકિતનગર પોલીસ સ્ટેશન પ્રોહી ગુના રજીસ્ટર નં.૨૧૧/૨૦૧૬**

**//હુકમ//**

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૨૧ અન્વયે એપીપીશ્રીને સદરહું કેસ પરત ખેંચવાની પરવાનગી આપી સદર કેસ વીથડ્રોથી ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ આજરોજ, તારીખ:૯મી ,માહે સપ્ટેમ્બર ,સને:૨૦૨૩ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં, વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.**

**તારીખ :૦૯/૦૯/૨૦૨૩** **મોહંમદસલીમ હબીબખાન પઠાણ**

**સ્થળ : રાજકોટ** **(યુ.આઈ.સી.જી.જે.૦૦૮૧૧)**

**જથા એડીશ્નલ સીનીયર સીવીલ જજ**

**રાજકોટ**